શ્રાવણમાસના

શનીવારની કથા.

સ્કંદપુરાણ ઊપરથી

ગુજરાતિ ભાષામાં

વૈદ્ય બાપુલાલ તુલજાશંકર

તથા

વ્યાસ મોતીલાલ રણછોડ રેવાશંકર

એઓએ રચી પ્રસિદ્ધ કરી

મુંબઈ,

'સુબોધપ્રકાશ' પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૪૫ જેઠ વદી ૧૦

કીંમત અરધો આનો

શ્રાવણમાસના શનીવારની કથા.

મંગળાચરણ.

શાર્દુલવિક્રિડિત છંદ.

સર્વાંગે ધરિ ભસ્મ ઉજ્વલ અતી નેત્રેતુ વૈશ્વાનરે,
વામાંગે ગિરિજા શ્રીશૈલ તનયા શ્રી ચંદ્ર ગંગાધરે.
કંઠે હાર ભુજંગ શૃંગ કરમાં હે નિલકંઠી વિભો,
વંદુ દેવ ગણેશરાજ સહિતે શ્રી શૂલ પાણી પ્રભો ॥ ૧ ॥

એક વખતે શ્રીયે શોભાયમાન એવા કૈલાસ પર્વત ઉપર ઘણું સુંદર એવું કદલીવન, જેમાં અનેક પ્રકારની વૃક્ષલતાઓ નવપલ્લવ યુક્ત પુષ્પ ઘટાથી ઝુકી રહી છે, સારસ, મયૂર, કોકીલા, ચક્રવાક-આદી નાના પ્રકારનાં પક્ષી પોતાના કોમળ અને મધુર સ્વર આ-લાપી રહ્યાં છે, જેમાં મંદ સુગંધ ને શીતળ પવન પ્રાણી માત્રના પરીતપ્ત થએલા મગજને શાંતિરૂપમાં લાવવા ચો બાજુ ઘુમી રહ્યો છે. શ્રીદીનમણીજી (સૂર્ય) પશ્ચિમ દીશા તરફ અવલંબીત થઇ પોતાના ક્ષીણ થએલા સુવર્ણ મય કીરણો ફેંકી રહયો છે, આ-કાશમાં વાદળાં સીંદુરા વર્ણ થઇ રહ્યાં છે. મૃગઆદી ચતુષ્પદ પશુ ચારો ચરી આવી જલાશય તરફ દ્રોડી રહ્યાં છે, અતિરમ્ય સરોવર માંહેલી અર્ધ પ્રકાશીત્ કુમુદી પુષ્પ જાણે પોતાના સ્વા-મીનો ઉદય જોઈ મંદ હાસ્ય કરે છે શું ? તે સમયે જેના મસ્તક_

માંથી ત્રણ લોકને પવિત્ર કરવાવાળાં શ્રી ગંગાજી પોતાના નિર્મળ પ્રવાહથી વહન થઇ રહ્યાં છે, અર્ધ ચંદ્ર જેના મસ્તકને વિષે સૂર્યના કિરણથી ભય પામતો ઝાંખો પ્રકાશ આપી રહ્યો છે. મહાદેવી શ્રી પાર્વતી જેના વામ અંગનું આ ભુષણ છે એવા પરમ કૃપાળુ જગત્ પીતા શ્રીમહાદેવજી તુરતજ સમાધીમાંથી જાગૃત થઇ મહા આનંદમાં બેઠા છે. ત્યાં શ્રી મહામુની સનત્ કુમારે આવી શ્રી મહાદેવજીને સાષ્ટાંગ પ્રણામ કરીને કહ્યું કે, હે ષડ્ગુણૈશ્વર્ય ભગવાન મૃડાણી પતે, શ્રાવણમાસના શનીવારનું શું માહાત્મ્ય છે તે સાંભળવાની ઘણી ઇચ્છા થઇ છે તો આપ કૃપા કરી સવિસ્તર કથા કેહેશો, એ પ્રમાણે અતિ દીન વાણીથી મુનીનું સ્તવન સાંભળી શ્રીમહાદેવજી કહે છે. હે મુનીંદ્ર સનત કુમાર તમો ઘણો ઉત્તમ કથા ભાગ પુછો છો; વાહ બાર માસમાં શ્રાવણ માસ ઘણો શ્રેષ્ઠ ને દેવ માસ કેહેવાય છે. હવે એ માસ માંહેલા શનીવારને દીવસે કેવા નિયમ પાળવા તે કહું તે સાંભળો. શ્રાવણમાસમાં શનીવારને દીવસે શ્રીલક્ષ્મીજી સહવર્તમાન નૃસિંહ ભગવાન શનિદેવ. તેમજ મહા બલી હનુમાનજી એ દેવતાઓનું પૂજન કરવું તે એવી રીતે કે પોતાના ઘરમાં પવિત્ર જગ્યાએ થાંભલા ઉપર અથવા ભીત ઉપર શ્રી લક્ષ્મી નૃસીંહજીની મૂર્તિ ચિતરવી. પોતાની યથા શક્તિ બ્રાહ્મણ નોતરવા તેમાં એક બ્રાહ્મણ પગે ખોડો તથા રંગે કાળો ને ગોપણી (સૌભાગ્યવતી બ્રાહ્મણની સ્રી) એમને સ-

વારમાં આમંત્રણ કરવું (નોતરવાં) પછી પોતે તથા પોતાની સ્ત્રીએ શરીરે તલનું તેલ અથવા ઘી મર્દન કરી ગરમ જળથી એક ઠેકાણે બેશી નહાવું પછી સુશોભીત એટલે રંગી બેરંગી કપડાં પેહેરવાં પણ કપડાં ફાટલાં કે સાંધેલાં નહોવાં જોઇએ એવાં કપડાં પેહેરી પૂજાની સામગ્રીમાં ચંદન, હલદર, કુંકુ, કેશર, અબીલ, ગુલાલ, શીંદુર, કાળાં પુષ્પ, તથા લાલ, પીળાં વીગેરે સુવાશીત તથા સુશોભીત તેમજ આકડાનાં ઘણાં ફુલ લાવી તેની માળા કરવી તથા વડના ટેટાની માળા કરવી, અડદ તથા તલ, સારા ચોખ્ખા સાફ કરી રાખવા વળી ઉત્તમ પ્રકારનો સારો સુવાશીક ધુપ તથા દીપ તૈયાર રાખવા ઘરમાં ઘણી પવિત્રાઈથી નૈવેદ્યોમાટે રસોઇ કરાવવી. તેમાં ખીચડી અડદના લોટના લાડુ તેમાં બદામ, પીસ્તાં, એલાઈચી, કેસર વીગેરે મસાલો નાખી ખુબ ઘીઈના લાડુ કરાવવા તથા કારેલાનું શાક તથા ફણસનું શાક તેમજ અડદની વાટીદાળનાં વડાં, અડદના પાપડ, વીગેરે રસોઇ તૈયાર કરાવવી. હવે બ્રાહ્મણને બોલાવી પોતાને હાથે શ્રી લક્ષ્મી નૃસિંહદેવની પુજા કરવી તે શ્રદ્ધા ભક્તિ રાખીને કરવી ને શનીવારને દીવસે સરવે કામમાં તેલ ને ઘીઈ વાપરવાં કારણ નૃસીંહજી તા. શનીદેવ તેમજ શ્રી હનુમાનજીને તેલ ને ઘી ઘણું પ્રીય છે. એ પ્રમાણે લક્ષ્મી નૃસીંહજીની પુજા કરી પછી શ્રી અંજની સુત જે હનુમાનજી તેમની પુજા કરવી તેમાં પ્રથમ સીંદુર અને તેલ બે ભેગાં કરી શ્રી હનુમાનજીની પ્રતીમા હોય તેને આખે શરીરે લેપ કરવો પછી રૂદ્રમંત્રથી તેલનો અભીશેક કરવો

પછી ચંદન કરી તલ ને અડદ ચોડવા પછી લાલ જાસવંદી (જપા. કુસુમ) નાં ફુલની માળા તેમજ આકડાનાપુષ્પની માળા ને વડ-નારેટાની માળા એક પછી એક એક એમ શ્રીહનુમાનજીને પેહેરાવવી તથા બીજાં સુશોભીત રંગીબેરંગી પુષ્પ સુગંધીવાલાં તેપણુ અર્પણ કરવાં અબીલ ગુલાલ શીંદુર ચડાવી ઉત્તમ પ્રકારની સુગંધીવાલો ધુપ કરવો પછી દીપ કરવો અને જે ઉપર કહેલું નૈવેદ્ય તે મહારાજાને ધરાવવું એ પ્રમાણે સઘળો પુજા વિધીકરી ને હનુમાનજીની સ્તુતીપાઠ કર્યા પછી શ્રી શનીદેવની પુજાનો આરંભ કરવો પ્રથમથી શ્રી શનીદેવની લોખંડની પ્રતીમા કરાવી રાખવી તે પ્રતીમાને પ્રાણપ્રતીષ્ઠા કરી તલના તેલથી રૂદ્રાભીષેક કરી સ્નાન કરાવવું પછી ચંદન કરવું અક્ષતને ઠેકાણે તલ તથા અડદ ચડાવવા પછી પુષ્પ અબીલ ગુલાલ સીંદુર ધુપ દીપ ને નૈવેદ્ય જે પાછળ કહેલું છે તે કરીને સર્વ પુજાવીધી થયા પછી શ્રી શનીદેવનું ધ્યાન કરવું. તે ધ્યાન કહું છું હે શનીદેવ મહારાજ તમો શરીરે શ્યામરંગી છો, વળી સવીતા સુર્ય દેવના પુત્ર છો. હે કૃપાનીધી તમો હાથમાં ધનુષબાણ ને ત્રીશુળ ધારણ કરવાવાળા છો, મહાઉન્નત એવા ગૃધ્ર પક્ષી ઉપર આરોહણ કરવાવાળા છો (બેસવાવાલા છો) હે દીન બંધુ તમો સૌરાષ્ટ્ર દેશમાં મહાવીર ઉત્પન્ન થએલા છો, વળી તમે નીંલ રાજાનું ગએલું રાજ્ય તેના ઉપર પ્રસન્ન થઇ ઘણા સંતોષ પામી પાછું આપ્યું છે માટે હે કરૂણાસિંધુ મારા ઉપર કૃપા કરો ને ઘણા સંતોષથી પ્રસન્ન થાઓ

હે મંદગામી ધિમો ખુશુમા રહી પીત વર્ણુ થઇ ગયું છે સ્વરૂપ જેનું એવા શનીદેવને હું વારંવાર પ્રણામ કરૂં છું ઇત્યાદિ સ્તુતીપાઠ કરી પછી પેલો પગે ખોડો ને રંગેકાળો બ્રાહ્મણ છે તેને શરીરે, ખુબ તેલ મર્દન કરી ગરમ જલથી સ્નાન કરાવવું (નવરાવવો) પછી તે બ્રાહ્મણને કાળું રેશમી પીતાંબર પેરાવવુંને કાળીશાલ અથવા કાળું બીજું પીતાંમર અંગ ઉપર ઓઢાડવું જો કદાચીત પીતાંમરને શાલની શકતી ન હોય તો પછી કાળા રંગનુ કપડુ પેરાવી બીજું કાળારંગનુ કપડુ ઓઢારવું પછી પાટલે બેશાડી તેને ચંદન કરવું લાલ કનેરના ફુલની માળા અથવા લાલ જાશવંદીના ફુલની માળા પેરાવવી પછી તે બ્રાહ્મણને કાળી સવત્સા (વાછરડાવાલી) ગાયનું દાન આપવું. પછી બીજા બ્રાહ્મણ ને ગોયણીને નોતરાં કરેલાં હોય તેને બધાંને શરીરે તેલ મર્દન કરી ગરમ જલથી નવરાવવાં પછી તેમને તેમનાં જે વસ્ત્ર હોય તે પેર્યા પછી પાટલે બેસાડીને સરવેને ચંદનના લેપ કરવા કાળાં, લાલ, પીળારંગનાં પુષ્પની માળાઓ અર્પણ કરવી તેમના પાટલા પાસે ઉત્તમ પ્રકારની ઊદબત્તી અથવા અગરબતીના ધુપ મુકી દેવા તથા દરેકના પાસે સમાઈમાં દીવા કરી મુકવા પછી જે ભોજન સામગ્રી પાછલ કહેલી તે સરવેને પીરસીને ઘણી નમ્રતાથી કહેવું કે હે દેવાધી દેવો આપ નૈવેદ્ય આરોગો પછી ઊતાવળ ન કરતાં ધીમે ધીમે ભોજન કરાવવું તેમના ભોજન વખતે બને તો વાજીંત્ર તથા ગાયન વીગરે સુરૂ કરાવવાં જેથી બ્રાહ્મણ જમી તૃપ્ત અને પ્રસન્ન થાય તેવું કરવું

તેમને જમતી વખતે હાથ જોડી ઘણી નમ્રતાથી તેમની પ્રાર્થના કરવી કે હે ભુદેવો મીષ્ટ માની સ્વસ્થરીતે ભોજન થવા દેજો ઉતાવલ કરશોમાં એવી રીતે ભોજન થયા પછી બ્રાહ્મણોને આસન ઉપર બેસાડી પાનસુપારી ઈલાઈચી વીગેરેથી બનાવેલાં તાંબુલ મુખવાસ માટે આપવાં પછી તેમને દક્ષણાઆપી ઘણી પ્રાર્થના કરવી પછી પેલા કાળા બ્રાહ્મણને તેલ, લોખંડ, તલ, અડદ, કાળો કામળો, કાળાં પુષ્પ, કાળો નીલમણી વીગેરેનું દાન આપી તેની પ્રાર્થના કરીને સરવેને વીદાય કરવા પછી પોતાનાં જે ઘરનાં કુટુંબી માણુસ હોય તે સઘળાંએ જે ભોજન સામગ્રી દેવતાઓને નૈવેદ્ય થએલું બ્રાહ્મણો જમેલા તેજ ભોજન ખીચડી વડાં લાડુ કારેલાં તથા ફણુસનું શાક તથા પાપડ વીગેરે જે સામગ્રી હોય તેનું ભોજન કરવું એ પ્રમાણે શ્રાવણ માસના દરેક શનીવારને દીવસે જે કોઈ કરશે તેનું શરીર નીરોગી ને વજ્રના જેવું દ્દઢ થશે, શત્રુ નાશ પામશે, ધારેલાં કામ શીઘ્ર થશે. ધન, ધાન્ય, પુત્ર, વાહન ઇત્યાદી સંપત્તીવાન થશે, પુરૂષના ઘરમાં લક્ષ્મી અચલ વાસ કરી રેહેશે, જેને પુત્ર ન હોય તેને પુત્ર થશે, અને દરિદ્રના ગઈ સમૃદ્ધીવાન થશે વળી સરવે ઠેકાણે તેની કીર્તિની ખ્યાતી થશે આ લોકમાં સુખ ભોગવી અંત સમયે વૈકુંઠ વાસ થશે વલી હનુમાનજીના મંદીરમાં હનુમાન કવચના પાઠ એક લાખ કરે તો અષ્ટ મહા સિદ્ધીને પામે વળી એ પુરૂષને જોઈ યક્ષ, રાક્ષસ, વૈતાલ, ભૂત,

પ્રેત, પીશાચ, ડાકણ, વિગેરે એકદમ નાશ પામશે. વળી અશ્વથ એટલે પીપળાના વૃક્ષને જો શનીવારને દિવસે અડકીને પૂજા કરે તો તે લક્ષ્મીવાન થાય પણ શની વીના બીજા કોઈ દીવસે પીપળાને અડકે તો તે દરીદ્રી ને મહા દુઃખી થાય છે.

દરરોજ સવારમાં બીછાનામાંથી ઉઠી હનુમાનજીનાં નામ લેવા વિષે

મનહર.

વાયુપુત્ર હનુમાન અંજની કુમાર પ્રભુ,
અમિત વિક્રમ વળિ ઉદધિ ક્રમણ છો. ૧
સિતાશોક નાશકારિ પિંગાક્ષી રામેષ્ટ વળિ,
દશગ્રીવ દર્પહારિ મહાબલિ ગણુ છો. ૨
લક્ષ્મણ પ્રાણદાતા ફાલ્ગુન સખા છો તમે,
બ્રહ્મચારિરૂપે સદા મહારૂદ્ર પણ છો. ૩
પ્રભાતે ઉઠીને ભણે એવાં નામ કોઈ પ્રાણી,
દુઃખ દુર કરિ તેને મહા સુખ દેણ છો. ૪

સમાપ્ત.